સુવિચાર : તમે સૌથી વધુ બેવકૂફ એવા સમયે હો છો, જે સમયે તમે બીજા કોઇને બેવકૂફ બનાવો છો - રજનીશ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૧૯ | ૮ જુલાઇ, ૨૦૧૫, બુધવાર ; અધિક અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




વ્યાપમ કૌભાંડ મામલે સીબીઆઇ તપાસ માટે શિવરાજ તૈયાર

Page-6

# શહેરમાં વાદળો આચમની ભરીને વરસ્યા

## વરસાદની હાથતાળી સાંજે ગોરંભાયેલા વાદળો વરસ્યા વિના વિખેરાઇ ગયા : નગરજનો ગરમીથી બેહાલ વાવણી બાદ ખેડુતો પણ ચિંતિત

ગાંધીનગર તા ૭

શહેરમાં વરસાદી વાદળો રોજ બરોજ હાથતાળી આપી જાય છે. બે સપ્તાહ પૂર્વે ધમાકેદાર એન્ટ્રી કરી સૌને હેતે ભીંજાવી અદ્રશ્ય થઇ ગયેલા મેઘરાજાની કાગડોળે વાટ જોવાઇ રહી છે. ત્યારે છેલ્લા બે દિવસથી ગોરંભાયેલા વાદળો વરસાદની આશ જન્માવી વિખેરાઇ જતા રીસાયેલા મેઘરાજા મન મુકીને વરસે તે માટે ખેડુતો પણ નભમાં નજર નાંખી મેહુલિયાને સાદ કરતા નજરે પડે છે. આજે પણ સાંજના સમયે આકાશમાં ઘેરાયેલા વાદળો છાંટણા



(તસવીર : દિપક જાની)

વરસાવી આચમની ભરીને પાણી ટપકાવી ગયા હતા.વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ હાથતાળી આપી ગયો હતો.

શહેરમાં વરસાદી ઋતુમાં નિખાર ન આવતા નગરજનો હજુ પણ મૌસમની વિચિત્રતા વચ્ચે ઉનાળાની ગરમીનો અહેસાસ કરી રહયા છે. ૧૫ દિવસ પૂર્વે મેઘરાજાના ધમાકેદાર આગમને સૌ કોઇને હેતે ભીંજાવી દીધા હતા. જયારે છેલ્લા બે સપ્તાહથી ગરમીના આકરા મિજાજ વચ્ચે વરસાદ અદ્રશ્ય થઇ જતા

● અનુસંધાન પાન-૨ પર

# ગુજરાતને ટેક્સટાઇલ હબ બનાવવા આયોજન

## ગુજરાત ટેક્સટાઇલ પોલિસી હેઠળ રાજ્યકક્ષાની મંજુરી સમિતિ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા

અમદાવાદ, તા.૭

રાજયના નાણા, ખાણ-ખનિજ અને કુટિર ઉદ્યોગ વિભાગના મંત્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજય દેશનું શ્રેષ્ઠ ટેક્ષટાઇલ હબ બને તે માટે રાજય સરકારે ખાસ આયોજન કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે, ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજય સરકારે ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી-૨૦૧૨ અંતર્ગત અનેકવિધ પ્રોત્સાહનો ઉદ્યોગ સાહસિકોને પૂરા પાડયા છે. ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી-૨૦૧૨ અન્વયે જાહેર કરવામાં આવેલી વિવિધ સાત પ્રોત્સાહન યોજનાઓની રાજયકક્ષાની મંજૂરી સમિતિની બેઠકના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા મંત્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે, પોલીસી જાહેર થયા બાદ સ્ટેટ લેવલ એપવલ કમિટીની મળેલી સાત બેઠકોમાં જુદા જુદા કુલ ૩૧૨ એકમોને સહાય મંજૂરી આપવામાં આવી છે. જેમાં પ્લાન્ટ અને મશીનરીનું કુલ મૂડીરોકાણ ૪૦૬૮ કરોડ જેટલું છે. સ્ટેટ લેવલ એપુવલ કમિટિની યોજાયેલી સાતમી બેઠકમાં સ્પીનીંગ, પ્રોસીસીંગ, નીટીગ, જીનીંગ અને પ્રોસિંગ, રેડીમેઇડ ગારમેન્ટ, ટેકનિકલ ટેક્ષટાઇલ વગેરે ક્ષેત્ર મુખ્યત્વે મહેસાણા, સુરેન્દ્રન ગર, સુરત, જામનગર, અમદાવાદ અને રાજકોટ જિલ્લામાં સ્થાપિત થતા નવા તથા વિસ્તૃતિકરણ, આધુનિકિરણ કરતા ૭૧ ટેક્ષટાઇલ એકમોને વ્યાજ સહાય તેમજ વેટ કન્શેશન લાભની મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી કુલ ૪૨ એકમો અંતર્ગત સ્પીનીંગ અને રેડીમેઇડ ગારમેન્ટના ૧૨ એકમો માટે ૭ ટકા ટેકતનિકલ ટેક્ષટાઇલના ૧૦ એકમો માટે ૬ ટકા અને અન્ય ૨૦ એકમો માટે ૫ ટકા લેખે વ્યાજ મંજૂર કરવામાં આવી અને કુલ ૬૯ એકમોને પ્લાન્ટ અને મશીનરીમાં કરેલ માન્ય મૂડીરોકાણ પર વેટ-માફીન લાભો મંજૂરી કરવામાં આવેલ છે. મંત્રીએ જણાવ્યું હતું કે, નવા ઉદ્યોગ સાહસિકોને પુરતુ પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# વહીવટી પ્રક્રિયાને વધુ સરળ કરવાનો રાજ્ય સરકારનો મહત્વકાંક્ષી નિર્ણય

## યોજના માટે વાર્ષિક આવકનું પ્રમાણપત્ર સમાનતાના ધોરણે ત્રણ વર્ષ સુધી માન્ય

ગાંધીનગર, તા.૭

રાજય સરકારના બધા જ ૨૬ વિભાગોની કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ માટે આવકના પ્રમાણપત્રો (આવકના દાખલા) ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો મહત્વાકાંક્ષી નિર્ણય કર્યો છે. આનંદીબેન પટેલે વહિવટમાં સરળીકરણ અંગે તંત્રને જે દિશા નિર્દેશો આપ્યા છે. તેની પરિપાટીએ તાજેતરના ભૂતકાળમાં સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગો-બક્ષીપચ જાતિઓનું આવક પ્રમાણપત્ર ત્રણ વર્ષ સુધી ગ્રાહક રાખવાનો તેમજ પ્રમાણપત્રો કઢાવતી વખતે રજુ કરવાના થતા પુરાવા સ્વ-પ્રમાણિત સેલ્ફ એટેસ્ટેશન કરવાના સ્તુત્ય નિર્ણયો કર્યા છે. હવે તેમણે રાજય સરકારના તમામ ૨૬ વિભાગોની વિવિધ યોજનાઓ માટે વાર્ષિક આવક પ્રમાણપત્ર સમાનતાના ધોરણે ત્રણ વર્ષ સુધી અમલમાં રાખવાનો આ જમહિતકારી નિર્ણય કર્યો છે. રાજય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર આવા વાર્ષિક આવકના પ્રમાણપત્રના કિસ્સામાં જે-તે

● અનુસંધાન પાન-૨ પર

# સોમનાથ મહાદેવનું દિવ્ય મંદિર હવે સેન્ટ્રલી એસી

## હવે શ્રદ્ધાળુઓને શિતળ ઠંડક મહેસુસ કરાવતું ગુજરાત રાજ્યનું પ્રથમ મંદિર બનશે : ગરમી, બફારાથી રાહત

અમદાવાદ, તા.૭

ભારતના બાર જયોર્તિલિંગના પ્રથ દેવાધિદેવ એ સી પ્લાન્ટતી સજજ થયું છે. દર્શનાર્થીઓને શીતળ ઠંડક મહેસુસ કરાવતું ગુજરાત રાજયનું પ્રથમ મંદિર બનશે. ૧૫૫ ફુટથી ગગનસુંબી ઊંચાઇ ધરાવતાઆ મંદિર વાસ્તુશાસ્ત્ર અને નિષ્ણાંત શિલ્પીઓ દ્વારા બાંધવામાં આવેલ છે. મંદિર ત્રણ ભાગમાં વહેચાયેલું છે. પ્રથમ ભાગને ગર્ભ ગૃહ કહે છે. જ્યાં સાક્ષાત સ્વયંભૂ શિવજીનું જ્યોતિલિંગ બિરાજે છે. પછીના નંદીજી તેમજ વિવિધ દેવ-દેવીઓ ગોખમાં બિરાજે છે. જે સભામંડળમાં સોમનાથ મહાદેવના દર્શન કરવા શ્રધ્ધાળું-ભાવિકોની કત્તાર ઉભી હોય છે અને ક્રમશ આગળ વધતાં સોમનાથ મહાદેવના દર્શન કરી શકાય છે. દર્શન કરવા માટે ઊભતી કતારોના આ સભામંડળને સંપૂર્ણ સેન્ટ્રલી હાઇરેઝ્યુલેશન એ સી પ્લાન્ટથી સજજ કરાયો છે. ટ્રસ્ટ અધ્યક્ષ કેસુભાઇ પટેલ અને સોમનાથ મંદિર આર્ષદ્રષ્ટા અને સક્રિય ટ્રસ્ટી-સચિવ પ્રવિણભાઇ લહેરીના પ્રયાસોથી મંદિર વાતાનુકુલિત થતાં દર્શન પ્રતિક્ષા વખતે ખુબ જ રાહત થશે અને સોમનાથ મહાદેવની આરતી અને ભીડ વખતે પરસેવો રેબઝેબ અને ભીડની થતી ગભરામણ ભૂતકાળ બની જશે. એટલુ જ નહિં કૈલાસપતિ એટલે સોમનાથ દર્શન સાથો-સાથ એરકન્ડીશન્ડ શીતળ શીતળ ઠંડકથી કૈલાસ પર્વત જેવી શ્રધ્ધા અનુભૂતિ થશે. સોમનાથ મંદિરમાં એરકન્ડીશન્ડ કરણ અંગે મંદિરના સમગ્ર સભાખંડને વર્તુળાકાર ઝરૂખાઓમાં પાણીના નળના મોટા પાઇપ જેવા સ્ટીલની ચળકતી પાઇપ લાઇનો બિછાવવામાં આવી અને તે પાઇપોમાંના મુખમાં અંદાજે ત્રીસ જેટલા પાઇપ દ્વારામાં સફેદ કલરની રીંગ જેવા હવાવાહક લગાવવામાં આવેલ છે. તેને જોડવામાં આવેલ છે અને એ વાયરોના સર્પોટમાં સભા મંડળ ફરતે વર્તુળાકાર સ્ટીલની સીડી બીછાવી તેની ઉપર વાયરો ગોઠવી વિભાગ કામ કરી રહ્યા છે અને એક-બે દિવસમાં જ અમદાવાદથી એરકન્ડીશન્ડ પ્લાન્ટના ઇન્જીનીયરો સોમનાથ આવી ટેસ્ટ લેશે. ત્યાર બાદ ટ્રસ્ટની અનુમતીના સમયે કાર્યાન્વીત થશે. સામાન્ય રીતે કોઇ પણ એરકન્ડીશન્ડ ઓફીસમાં ઠંડીની ઉપલબ્ધતા માટે દરવાજો કદાચ આવુ નહી કરવું પડે અને મુખ્ય સભામંદિરના ત્રણ દરવાજો એરફેશનર લગાવાશે





(તસવીર : દિપક જાની)

લટકતું જોખમ - ગાંધીનગરના રાજમાર્ગ સમા ચ-૫થી ઘ-૫ માર્ગ ચેનલ વાયરને લપેટાયેલ ડાળખું ક્યારે પડશે તેની તંત્ર દ્વારા રાહ જોવાતી હોય એમ લાગે છે... જ્યારે પણ આ ડાળખું નીચે પડશે ત્યારે રાહદારી કે વાહનચાલકને ઈજા થશે... તો તે વખતે આ દશ્યની ગંભીરતા સમજાશે... આગોતરા જ પગલા લેવાય તો સંભવિત જોખમને ટાળી શકાય એમ છે... સરકારમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના પરિસંવાદો થાય છે પરંતુ જોખમોને અગાઉથી દૂર નથી કરી શકાતા એ કરૂણતા છે....

# ઉપચારાત્મક વર્ગખંડ અને ગુણવત્તાસભર શિક્ષણ માટે આજે મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાના બાળકો માટે ગુણવત્તાસભર શિક્ષણ અને ઉપચારાત્મક વર્ગોના આયોજનની રૂપરેખા તૈયાર કરવા આજે એક મહત્વની બેઠક રાજ્ય શિક્ષણ મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં મળનાર છે.

**શિક્ષણ રાજ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજનાર બેઠકમાં બી.આર.પી., બી.આર.સી,, સી.આર.સી, કેળવણી નિરીક્ષક, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ અને પ્રાધ્યાપકો હાજર રહી આખી રૂપરેખા તૈયાર કરશે**

ગુણોત્સવ-૫ના પરિણામોને આધારે દરેક વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી તમામ પ્રાથમિક શાળાઓમાં ઉપચારાત્મક વર્ગોનું આયોજન કરવામાં આવશે.

આજની આ બેઠકમાં બ્લોક રિસોર્સ પર્સન, બી.આર.સી., સી.આર.સી., કેળવણી નિરીક્ષક, તા.પ્રા. શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા ડાયેટના પ્રાધ્યાપકો ઉપસ્થિત રહેનાર છે.

મળતી વિગતો પ્રમાણે ગુણોત્સવ-૫ ના પરિણામોને આધારે વિદ્યાર્થીનુ એજ્યુકેશનલ કાર્ડિયોગ્રામ તૈયાર થઈ ચુક્યો છે અને હવે દરેક શાળામાં આ ઉપચારાત્મક વર્ગનું આયોજન થશે. આ ઉપચારાત્મક વર્ગખંડમાં વિદ્યાર્થીને આધાર બનાવી તેને શિક્ષણના વર્તમાન પ્રવાહો સાથે સાંકળવામાં આવશે.

ગત વર્ષે રાજ્ય શિક્ષણ મંત્રીશ્રીએ આજોલ ખાતેની ચિંતન શિબિરમાં જિલ્લાને શિક્ષણક્ષેત્રે મોડેલ ડિસ્ટ્રીક્ટ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી હવે ગુણોત્સવ-૫ નું વિધિવત્ જાહેર થઈ ગયું છે.

જિલ્લામાં ગુણોત્સવનું પરિણામ 'ગઢ આલા પણ સિંહ ગેલા' જેવી સ્થિતિ થઈ છે. રેન્ક સુધર્યો પરંતુ સી-ડી ગ્રેડની શાળાઓમાં વધારો થવા પામ્યો છે. આજની આ ચિંતન બેઠક બે કલાકથી વધુ સમય ચાલશે તેમાં ગુણવત્તાસભર શિક્ષણ માટેની વ્યુહરચના તૈયાર કરાશે સાથે સાથે ઉપચારાત્મક વર્ગો વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી ચલાવવામાં આવશે.

ગુણોત્સવના પરિણામ પછી પહેલીવાર આવી ચિંતન બેઠક યોજાઈ રહી છે. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. આ બેઠક જિલ્લાના પ્રાથમિક શિક્ષણની આગામી દિશા નક્કી કરશે તેવા શિક્ષણા વિભાગના સંકેતો સાંપડી રહ્યાં છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧

ફોન - ૨૩૨૩૭૫૭૧

૧ થી ૩૦ સેક્ટર માટે

આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

સેક્ટર 6D,સહીયર ગરબા ગ્રાઉન્ડ પર મોજ-મસ્તીનો ખજાનો એટલે




પ્રવેશ ફી ફક્ત રૂ. ૧૦/- | રાઈડ્સ રૂ. ૨૦/-

બાળકો માટે ખાસ રાઇડ્સનો આનંદ

ટોરાટોરા, જાયન્ટ વ્હીલ, ફીશબી, બ્રેક ડાન્સ તેમજ બીજી અન્ય રાઈડ્સ

મીનાક્ષી જ્વેલર્સ ઘ-૫ની

અઢળક સ્કીમોની સફળતા બાદ હવે નવી સ્કીમ

દર માસે રૂા. ૧૦૦૦ ભરીને વસાવો

સોનાની ૧૦ ગ્રામની લગડી ૯૯૯ (શુધ્ધ સોનાની)



વધુ માહિતી માટે ફક્ત Missed Call કરો 94263 85263

મિનાક્ષી જ્વેલર્સના ૨૫ વર્ષ પુરા થતા આ સ્કીમમાં જોડાનાર દરેક મેમ્બર્સને ૧ ટ્રાવેલીંગ બેગ ગીફ્ટ



સમય-સવારે ૯:૩૦ થી રાત્રે ૭:૩૦ સુધી ★દર સોમવારે ચાલુ અને દર રવિવારે રજા રહેશે

ઘનશ્યામ જ્વેલરી પ્રા.લિ.

સુરભી કોમ્પલેક્ષ,ઘ-૫ સર્કલ નજીક,સેક્ટર- ૨૨,ગાંધીનગર

ઓફીસ ફોન નં. - 232 46063, - 94087 77566

જાહેર આમંત્રણ



કાર્યાલય ઉદ્દઘાટન

સવારે ૧૦.૦૦ કલાક

| ક્રમાંક | ઉમેદવાર |
|---|---|
| ૧ | શ્રી અલ્પેશકુમાર મણિલાલ પ્રજાપતિ (કોલવડા વાળા) |

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના આપણા યુવાન ઉમેદવાર સે- ૪/૫ ના લોકપ્રિય યુવાન ઉમેદવાર અલ્પેશકુમાર એમ. પ્રજાપતિને આપનો પવિત્ર મત આપી જંગી બહુમતીથી જીતાડવા હાર્દિક અપીલ છે.

રાજુભાઈ આર. પટેલ સે-૪
મોતીસિંહ અટોદરીયા સે-૪
જગદીશભાઈ રાવલ સે-૪
મેહુલભાઈ આર. પટેલ સે-૪
જે.સી. અડાલજા સે-૪
વિષ્ણુભાઈ સાધુ સે-૪
દિલીપસિંહ પરમાર સે-૪
કનુભાઈ પ્રજાપતિ સે-૪

શ્રી રાકેશભાઈ એમ. પટેલ (મ.ન.પા, ચેરમેન, સ્ટેન્ડિંગ કમિટિ)
શ્રીમતી પરાગીબેન પંડ્યા (કોર્પોરેટર, મ.ન.પા)
શ્રી શંકરભાઈ ચૌધરી (કોર્પોરેટર મ.ન.પા.)

ઈશ્વરભાઈ પ્રજાપતિ સે-૫
ડૉ. રાજેન્દ્ર પટેલ સે-૫
રસીકભાઈ સુથાર સે-૫
મહોમદભાઈ શેખ સે-૫
વિઠ્ઠલભાઈ પ્રજાપતિ સે-૫
ગુમારસિંહ રાઓલ સે-૫
કાન્તિભાઈ પરમાર સે-૫
બીપીનભાઈ દવે સે-૫

: કાર્યાલય :

રાજ કોમ્પ્લેક્ષ મેઈન શોપીંગની સામે, સેક્ટર - ૪

મેઈન શોપીંગ બગીચાની સામે સેક્ટર - ૫